R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 23•ISSUE: 06 DATE: 09-02-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## અમેરિકામાં ગેરકાયદેસર રહેતા ભારતીય વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિઝા અને વર્ક પરમીટ અપાવવાના કૌભાંડમાં આઠ ભારતીય મુળની વ્યક્તિઓની ધરપકડ

અમેરિકા જવું હોય,ત્યાં રહેવું અને કાયમી વસવાટ કરવા મળે તે માટેની તમામ વ્યવસ્થાઓ ઊભી કરવા માટે કેટલીક વ્યવસ્થિત ચેનલો ધરાવતી એજન્સીઓ કામ કરતી હોય છે.અમેરિકામાં ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરીટીના અંડરકવર એજન્ટો દ્વારા સંચાલીત બનાવટી યુની.માં ઈમીગ્રેશન અને વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરીને એડમીશન અપાવનારી ભારતીય મુળની આઠ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.સમગ્ર અમેરિકામાં પાડવામાં આવેલા દરોડામાં યુએસ ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ એજન્સીએ ૬૦૦ ભારતીય વિદ્યાર્થીઓની અટકાયત કરી છે.અમેરિકન તેલુગુ એસો.ના જણાવ્યા મુજબ દેશવ્યાપી દરોડમાં અમેરિકામાં યોગ્ય વિઝા વિના વસવાટ કરતા સેંકડો તેલુગુ વિદ્યાર્થીઓની ધરપકડ કરાઈ છે.

ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરીટીઝએ લાયકાત ન ધરાવતા વિદેશી નાગરિકોને અમેરિકામાં રહેવા અને નોકરી કરવામાં મદદ માટે સ્ટુડન્ટ વિઝાનો દુરપયોગ કરતાં ભારતીય મુળના આઠ અમેરિકન નાગરિકોની ધરપકડ કર્યાબદા સમગ્ર દેશમાં આ કૌભાંડમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓને ઝડપી લેવા અભિયાન ચલાવ્યુ હતું.મિશિગન બ્રાંચનના જસ્ટીસ ડિપાટે.જણાવ્યુ હતું કે સમગ્ર અમેરિકામાંથી ઝડપાયેલી આઠ વ્યક્તિ કાંતો ભારતીય અથવા ભારતીય મુળનો અમેરિકન છે.તેમના પર વિઝા ફ્રોડ અને નફા માટે વિદેશી નાગરિકોને રોકવાના આરોપો મુકાયા છે.

એજન્સીની બનાવટી યુની.માં પ્રવેશ મેળવનારા ૬૦ જેટલા વિદ્યાર્થીઓને અટકાયતમાં લેવામાં આવ્યા છે.સુત્રોના અને સાક્ષીઓના જણાવ્યા અનુસારઅંદાજિત ૬૦૦ વિદ્યાર્થીઓએ આ યુની.માં પ્રવેશ લીધો હતો.અમેરિકી કાયદાના જાણકારોએ ચેતવણી આપી છે કે આ તમામ વિદ્યાર્થીઓને દેશનિકાલની યાદીમાં સમાવી લેવામાં આવશે. તેમાંના કેટલાકને જેલની સજા પણ થઈ શકે છે.

૨૦૧૫માં અમેરિકામાં સ્ટુડન્ટ વિઝાનો દુરપયોગ કરી વસતા ગેરકાયદેસર વિદેશી નાગરિકોને ઝડપી લેવા ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરીટીએ એક અંડર કવર યુની.ની સ્થાપના કરી હતી. ફેબ્રુઆરી ૨૦૧૭માં એજન્સીના અધિકારીઓએ યુની.ના માલિકો અને કર્મચારીઓ તરીકે કામ કરવાનું શરુ કર્યુ હતું.મિશિગન સ્થિત આ કથિત બનાવટી યુની. ઓફ ફાર્મિંગ્ટનમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ એડમિશન લીધું હતું.એજન્સીઓના અધિકારીઓએ વિદ્યાર્થીઓના નિવાસસ્થાનો પર દરોડા પાડ્યા હતા.અને તેમને તેમના પ્રોફેસરોના નામ પુછ્યા હતા. પરંતુ તેઓ જવાબ આપવામાં નિષ્ફળ નિવડ્યા હતા.

ભારતીય વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી છે તેમની પર મુકાયેલા આરોપો નીચે મુજબના છે.

૧.બનાવટી યુનીવરસીટીમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓ કૌભાંડનો ભોગ બન્યા નથી પરંતુ સ્વેચ્છાએ કૌભાંડમાં જોડાયા હતા.

૨.વિદ્યાર્થીઓ સારી પેઠે જાણતા હતા કે યુની.માં કોઈપણ પ્રકારનું શિક્ષણનું કાર્ય થવાનું નથી.

૩.તેઓ સારી પેઠે જાણતા હતા કે આ યુનીવરસીટી દ્વારા તેમને કોઈ એક્ચુયલ ડીગ્રી પ્રાપ્ત થવાની નથી.

૪.આ વિદ્યાર્થીઓનો મુળ ઈરાદો સ્ટુડન્ટ વિઝા જારી રાખવાનો અને સીપીટી અંતગર્ત વર્ક પરમિટ મેળવવાનો હતો.

૫.દરેક વિદ્યાર્થી જાણતો હતો કે યુનીવરસીટીના અભ્યાસક્રમને અમેરિકી સરકારની માન્યતા મળી નથી.

ડીપાર્ટ.ઓફ હોમલેન્ડ સિક્યુરીટી દેશમાં ગેરકાયદેસર વસી રહેલા અનેક વિદેશી નાગરિકોને કાયદેસર રીતે દેશનિકાલ કરવા માટે કાર્યવારી કરી રહી છે.

## લોકસભામાં એનડીએ સરકાર દ્વારા વચગાળાનું ચુંટણીં પહેલાનું અંતિમ ગાળાનું બજેટ રજુ કરવામાં આવ્યું : મોદી સરકાર દ્વારા બજેટમાં ચુંટણીલક્ષી જાહેરાતો દ્વારા મતદારોને આર્કષવાનો પ્રયાસ

આઝાદી મળ્યા બાદ દેશમાં લોકશાહી ઢબે ચુંટાતી સરકારો દેશના નાગરિકોને બજેટ દ્વારા લુભાવવાના અને લુંટવાના કારસા રચે છે તેની જાણકારી જાણકારોને તો છે પરંતુ સામાન્ય નાગરિકોને બજેટ દ્વારા સરકારો છેતરવાનો પ્રયાસ કરતી રહી છે.એનડીએની સરકારે આ વખતે લોકસભામાં પુર્ણ સમયના નાણાંમંત્રીના અભાવે કાર્યભાર સંભાળી રહેલા નાણાંમંત્રી પિયુષ ગોએલે બજેટ રજુ કર્યુ હતું.અને ચુંટણીલક્ષી જાહેરાતોનો જુમલો વરસાવ્યો હતો.પગારદાર,પેન્સનર સહિતના મધ્યમવર્ગને રાહત આપતાં ગોયેલ કહ્યુ હતું કે આવકવેરાની મુક્તિ મર્યાદા રુપીયા પાંચ લાખની કરવામાં આવી છે. જ્યારે સરકારે તાજેતરમાં આર્થિક રીતે પછાત લોકોની આવકમર્યાદા રુ.૮ લાખની ઠેરવી છે.વિસંગતતાનો આ એક નમુનો છે. જો તમારે મુક્તિ મર્યાદા વધારવી હતી તો રુપીયા આઠ લાખની કરવાની હતી.૨૦૧૪ બાદ એનડીએ સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા આર્થિક પગલાં અને બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ વિશે વિચારીએ તો સરકારે ભરપેટે દેશની પ્રજાને બજેટના માધ્યમ દ્વારા લુંટી છે.એમા વધારામાં નોટબંધી,જીએસટી વિગેરે જેવા બીજા અનેક પરિબળો સામેલ છે. ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષમાં ખેડુતોને રાહત આપવા માટે પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ અને બિનસંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષાઆપતી પ્રધાનમંત્રી શ્રમયોગ માનધન યોજનાની જાહેરાત સાથે ન્યુ ઈન્ડીયા નિર્માણ વિઝન ૨૦૩૦ માટે રજુ કર્યુ હતું.

લોકસભામાં વોટ ઓન એકાઉન્ટના સ્થાને લગભગ પુર્ણ કક્ષાના બજેટ ભાષણમાં પિયુષ ગોયેલે મધ્યમવર્ગના ૩ કરોડ લોકોને આવકવેરામાં રુપીયા ૧૮,૫૦૦ કરોડની રાહત આપતાં આવકવેરા મુક્તિ મર્યાદા રુ.પાંચ લાખની કરવાનો બજેટ પ્રસ્તાવ મુક્યો હતો તે ઉપરાંત સ્ટાન્ડડ ડીડક્શન રુપીયા ૪૦,૦૦થી વધારીને રુ.૫૦,૦૦૦કરવા , બેન્ક અને પોસ્ટ ઓફિસમાંથી મળતા વ્યાજ પરનો ટીડીએસ રુપીયા ૧૦,૦૦૦ થી રુ.૪૦,૦૦૦ કરવા, બે મકાન સુધી નેશનલ રેન્ટ પરના ટેક્સમાંથી મુક્તિ આપવા, ભાડા પરની ટીડીએસની મર્યાદા રુપીયા ૧.૮૦લાખથી વધારીને રુ.૨.૪૦ લાખ કરવા, ઈન્કમટેક્ષ રિબેટ રુ.૨૫૦૦થી વધારીને રુ.૧૨,૫૦૦ કરવાના બજેટ પ્રસ્તાવ રજ્ કર્યા હતા.

દેવા તળે દબાયેલા ખેડુતોને રાહત આપતાં નાણાંપ્રધાને બે હેકટરથી ઓછી જમીન ધરાવતાં દેશના ૧૨ કરોડ નાનાં અને સીમાંત ખેડુતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના અને નિયમો અંતગર્ત આવતાં ખેડુતોને વાર્ષિક રુપીયા ૬૦૦૦ની સહાય ૩ હત્યામાં ચુકવવામાં આવશે.આ ઉપરાંત મનરેગા માટે રુપીયા ૬૦,૦૦૦ કરોડની ફાળવણી કરી હતી.

દેશના ઈતિહાસમાં સૌ પ્રથમવાર સંરક્ષણની ફાળવણી રુપીયા ૩,૦૫,૦૦૦ કરોડ કરવામાં આવી છે.આ ઉપરાંત રેલ્વે બજેટમાં૬૪,૫૮૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે.સરકારે ગાયો માટે રાષ્ટ્રીય ગાયપંચની રચના સાથે કામધેનું યોજનાનો પ્રસ્તાવ મુક્યો છે.આ સરકારે ૨૦૧૯ની ચુંટણીમાં મતદારોને આર્કષવા માટે ભરપુર લોભાણી જાહેરાતો કરી છે. પરંતુ ખરેખર તે સાર્થક થશે કે કેમ તે કહેવું અઘરુ છુે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## લોકસભામાં રાષ્ટ્રપતિએ મોદી સરકારની સિધ્ધિઓ ઉલ્લેખતાં કહ્યુ કે મોદી સરકાર ન્યુ ઇન્ડીયા માટે કામ કરી રહી છે

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે લોકસભામાં પોતાના અભિભાષણમાં કેન્દ્રની મોદી સરકારની કામગીરી અને સિધ્ધિઓનો ઉલ્લેખ કરતાં કહ્યુ હતું કે સરકાર વિવિધ વિકાસ કાર્યો અને સામાજિક ન્યાય પ્રત્યે પોતાની પ્રતિબધ્ધતા બતાવી રહી છે.જેની ઉપર તેમણે પ્રકાશ પાડ્યો હતો.તેમણે કહ્યુ હતું કે મોદી સરકાર ન્યુ ઈન્ડીયા માટે કામ કરી રહી છે. અને એમાં લોકોને જોડવામાં આવી રહ્યા છે.બજેટ સત્રની શરુઆતમાં સંસદના સંયુક્ત સત્રને સંબોધતા તેમણે વિવાદાસ્પદ રફાલ ડીલનો ઉલ્લેખ કર્યો હતો.અને કહ્યુ હતું કે લાંબા દાયકા બાદ ભારતીય વાયુસેના મજબુત થશે કેમકે આવનારા દિવસોમાં ભારતીય વાયુસેનામાં આ અત્યાધુનિક લડાકુ વિમાન સામેલ થશે.

તેમનું અભિભાષણ એટલા માટે મહત્વનું માનવામાં આવી રહ્યું છે કે એપ્રિલ-મે માં લોકસભાની ચુંટણી થવાની છે.રાષ્ટ્રપતિએ કહ્યુ હતું કે ૨૦૧૪ની સામાન્ય ચુંટણી દરમિયાન દેશ અનિશ્ચિતતાના માહોલમાંથી પસાર થઈ રહ્યો હતો. ચુંટણી બાદ નવી સરકારે કાર્યભાળ સંભાળ્યો અને ન્યુ ઈન્ડીયા નિર્માણની પ્રતિજ્ઞા લીધી હતી.છેલ્લા સાડાચાર વર્ષમાં સરકારે દેશના લોકોમાં નવી આશા અને વિશ્વાસ પેદા કર્યો છે.દેશની છબી ઉજજવલ કરી છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

શારદા ચીટફંડના કેસોની તપાસના મામલે સીબીઆઇ અને મમતા સરકાર વચ્ચે મચેલા ધમસાણનો અંત લાવતાં સુપ્રીમ કોર્ટે કોલકોતાના પોલીસ કમિશ્નર રાજીવકુમારને સીબીઆઇ સમક્ષ પુછપરછ માટે હાજર થવાનો આદેશ આપ્યો અને રાજીવકુમારની ધરપકડ સહિતના આકરાં પગલાં લેવા સામે રોક લગાવી દીધી. ચીફ જસ્ટીસ રંજન ગોગોઇએ જણાવ્યુ હતું કે અમે રાજીવકુમારને સીબીઆઇ સમક્ષ પુછપરછમાં હાજર થવા અને સીબીઆઇને પ્રમાણીકતાથી સહકાર આપવા આદેશ આપીએ છીએ.સુપ્રીમ કોર્ટે શિલોંગમાં સીબીઆઇ સાથે મુલાકાત યોજવાનો નિર્દેષ જારી કર્યો હતો.

મમતા બેનરજીએ તેમની સરકારના પોલીસ અધિકારીને કેન્દ્રની સરકાર દ્વારા જે રીતે પકડમાં લેવા પ્રયત્ન કરાયો તે દેશના ઇતિહાસમાં કલંકિત ઘટના છે.પોલીસ કમિશ્નર કોઇ અપરાધી નથી.તેમજ તેઓ સીટના અધ્યક્ષ હતા અને તેમણે આ કૌભાંડની તપાસ પણ કરેલી છે.જે મુદ્દાઓ ઉપસ્થિત કરીને કેન્દ્રીય એજન્સીએ પગલાં લેવાનો કારસો રચ્યો તેની પાછળ ગંદા અને કલુષિત રાજકારણની ગંધ આવે છે.છેલ્લા કેટલાક દિવસોથી પશ્ચિમ બંગાળમાં પગપેસારો કરવા માટે ભાજપના બે નેતાઓ તરફથી ભારે મહેનત કરવામાં આવી રહી છે. જેમાં વડાપ્રધાન મોદી સત્તાની હેસીયતથી અને ભાજપ પ્રમુખ અમિત શાહ સત્તારુઢ પાર્ટીના અધ્યક્ષના નાતે મમતા બેનરજી અને ત્યાંની સ્થાનિક કાયદો વ્યવસ્થા જાળવણી કરનાર ફોર્સની સાથે ભીડાયા છે.અને ગમે તે ભોગે પશ્ચિમ બંગાળમાં મમતાના ગઢમાં ગાબડું પાડવા માટે ભગીરથ પ્રયત્નો માં લાગી ગયા હતા. પશ્ચિમ બંગાળની સરકારે તેમના હેલીકોપ્ટરો ને ઉતરવા માટેની પરવાનગી આપી નથી. તો તેમણે સત્તાનો ઉપયોગ કરીને બીએસએફના એરપોર્ટનો ઉપયોગ કર્યો છે.જે સત્તાના દુરપયોગ સમાન છે.દેશમાં હાલમાં ચાલી રહેલ વાતાવરણમાં કેન્દ્રમાં ફરીથી સત્તારુઢ થવાય તેવા એંધાણમાં કમી આવી રહી છે.જેથી યેનકેન પ્રકારે પશ્ચિમ બંગાળની ૩ર સીટો મેળવવા ભાજપના બે નેતાઓ મરણીયા પ્રયાસો કરી રહ્યા છે. જે માટે થઇને તેમણે સીબીઆઇનો દુરપયોગ કર્યો છે તેવું મનાઇ રહ્યું છે.હાલમાં સીબીઆઇ શું કરી રહી છે તે દેશની જનતાથી અજાણ નથી.સત્તારુઢ પાર્ટી આ એજન્સીનો ભારે દુરપયોગ કરી રહી છે તેવો મમતાનો આરોપ છે.જો કે સુપ્રીમ કોર્ટે આપેલા આદેશથી મમતાએ નૈતિક વિજય મળ્યો છે તેમ કહીને ધરણા નો અંત આવ્યો તે સારુ છે. જો કે કોર્ટે કોલકોતા જ સીબીઆઇને પુછપરછ માટે સ્થળ આપ્યું હો ત તો વધારે યોગ્ય ગણાત.

છેલ્લા ચાર વર્ષોમાં ભાજપના સત્તારુઢ પક્ષના નેતાઓએ તેમની સામે વિરોધપક્ષના સસક્ત નેતાઓને સીબીઆઇ દ્વારા કેસો કરી ફસાવી દેવા અને કોર્ટમાં ઘસડી જવાના આદરેલા પ્રયત્નોથી એક વાત જરુરથી સાબિત થાય તેમ છે કે છેલ્લા ચારવર્ષમાં આ સરકાર પાસે લોકો પાસે જવા માટે કોઇ નક્કર કામગીરી નથી.નોટબંધી,જીએસટી અને અને એવી બાબતો છે જે તેમને ફરીથી સત્તા પર આવતી રોકી શકે તેમ છે. પરંતુ જો વિપક્ષને થાળે પાડી દેવાય કે ખતમ કરી દેવાય,કોર્ટ કેસોમાં ઘસડીને કાયદાકીય બાબતોમાં ગુંચવી અને ચુંટણીમાં અલગ કરી શકાય તો સત્તાની ખુરશી મળે તેવુ વિચારતી ગંદી રાજનીતી રમનાર સત્તારુઢ પક્ષને મમતાએ શિકસ્ત આપી છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# લોકોને સપનાં બતાવતા નેતાઓ સારા લાગે છે, હું ખોટા સપના નથી બતાવતો,દેખાડેલા સપના પુરા કરો નહી તો જનતા મારશે : કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી



સપના બતાવે તેના નેતા લોકોને સારા લાગે છે પરંતુ આ જ સપનાં જો પરિપુર્ણ ના કરવામાં આવે તો પ્રજા એવા નેતાને ફટકારે છે,એવું નિવેદન કરી કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ ફરી ચર્ચા જગાવી છે.ભુતકાળમાં વિપક્ષો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સપનાના સોદાગર તરીકે વર્ણવી ચુક્યા છે. ત્યારે આ નિવેદન દ્વારા ગડકરીએ ફરી મોદી પર નિશાન તાક્યું છે.નીતિનગડકરીએ મહારાષ્ટ્રમાં ફરી આ પ્રકારનું નિવેદન આપીને સહુને ચોકાવ્યા છે.એક કાર્યક્રમમાં નીતિન ગડકરીએ ચુંટણીમાં અપાયેલા વચનોનો ઉલ્લેખ કરતાં કહ્યુ હતું કે સપના બતાવવા નેતા લોકોને સારા લાગે છે પણ બતાવેલા સપના જો પુરા ન થાય તો જનતા તેમની ધોલાઇ પણ કરે છે. તેથી સપના એવા જ બતાવો કે જે પુરા કરી શકાય.હું સપના બતાવનારા લોકોમાં સામેલ નથી.જે પણ બોલું છું એ છાતી ઠોકીને કરુ છું. આ કાર્યક્રમ દરમિયાન ગડકરીની ઉપસ્થિતિમાં ફિલ્મ એક્ટ્રેસ ઇશા કોપીકર ભાજપમાં સામેલ થઇ હતી.

આ અગાઉ નવી દિલ્હી ખાતેના એક કાર્યક્રમમાં નીતિન ગડકરીએ કહ્યુ હતું કે ૧૦ લાખ કરોડથી વધુનું કામ મે કરાવ્યું છે પરંતુ એક રુપીયાના ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો નથી.તેમણે કહ્યુ હતું કે હું જાહેરાતો હવામાં કરતો નથી. જે બોલું છું તે છાતી ઠોકીને કરી બતાવું છું.

ગડકરીના આ નિવેદનથી ફરી રાજકીય વમળ સર્જાયા છે.લોકસભાની ચુંટણીમાં ભાજપને સંપુર્ણ બહુમતી ના મળે તો સંઘ દ્વારા અને સાથી પક્ષો વચ્ચે પણ ગડકરીને વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરાય તેવી અટકળો રાજકીય વર્તુળોમાં લાંબા સમયથી ચાલી રહી છે. અગાઉ નીતિન ગડકરી અવારનવાર નિવેદનો કરી વડાપ્રધાન મોદી અને ભાજપ નેતાગીરીને ક્ષોભમાં મુકી ચુક્યા છે.ત્રણ રાજ્યોની વિધાનસભા ચુંટણીઓમાં ભાજપના પરાજય બાદ નીતિન ગડકરીએ આઇબી અધિકારીઓની ટ્રેનિંગમાં એવું નિવેદન આપ્યું હતું કે સાચો નેતા એ છે જે હારની જવાબદારી સ્વીકારે. જો હું પક્ષપ્રમુખ હોઉ તો અચુક હારની જવાબદારી સ્વીકારી લઉ અને રાજીનામું આપું. તેમણે ભાજપના અચ્છે દિનના સ્લોગન પર પણ સવાલ ઉઠાવ્યો હતો. તેઓ એક વખત એવું પણ બોલ્યા હતા કે ચુંટણી જીતવા માટે મોટા વચનો આપવાનું કહેવાયું હતું. ત્યારે અમને ખબર નહોતી કે અમે ખરેખર સત્તા પર આવી જઇશું. અગાઉ એક કાર્યક્રમમાં ગડકરીએ કહ્યું હતું કે અચ્છે દિન હોતા જ નથી.એ તો લોકો કેવું માને છે તેના પર નિર્ભર છે. અગાઉ તેમણે પુર્વ વડાપ્રધાન ઇન્દીરા ગાંધીની પ્રશંસા કરતાં કહ્યુ હતું કે તેમને પોતાની ક્ષમતા પુરવાર કરવા માટે કોઇ પણ પ્રકારની અનામતની જરુર પડી નથી અને તેમણે કોગ્રેસના પોતાના સમયના પુરુષ નેતાઓથી સારુ કામ કર્યુ હતું.એ જ અરસામાં નીતિન ગડકરીએ માજી વડાપ્રધાન જવાહરલાલ નહેરુની પણ મુક્તકંઠે પ્રશંસા કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# રાષ્ટ્રપતિનું અભિભાષણ ‘ભ્રામક’,જનતાના અપમાન સમાન :કોગ્રેસ

કોગ્રેસે રાષ્ટ્રપતિ કોવિંદના અભિભાષણને ભ્રામક અને લોકો સાથે દગો કરવા સમાન જણાવ્યુ હતું. કોગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ કહ્યુ હતું કે દેશની જનતાનું અપમાન કરનારું આવું અભિભાષણ પહેલા ક્યારેય થયું નથી.તેમનું કહેવું હતું કે રાષ્ટ્રપતિના અભિભાષણ પહેલાં ક્યારેય થયુ નથી તેમનું કહેવું હતું કે રાષ્ટ્રપતિના અભિભાષણમાં જે ઉપલબ્ધિઓની વાત કરાઇ છે, એ સત્યથી દુર છે. શર્માએ મીડીયા સાથેની વાતચીતમાં કહ્યુ કે કેન્દ્ર સરકાર પાસે રોકાણ કરવા પૈસા નથી એની ભરપાઇ કરવા માટે સરકારે કેટલાય પ્રયાસો કર્યા છે. કેન્દ્ર સરકારે આરબીઆઇ પાસે પડેલા નાણાં પર નજર નાંખી છે.અભિભાષણમાં ઇન્કમટેક્ષ રિટર્ન વધવાનો દાવો કરાયો છે. સત્ય એ છે કે ફક્ત સંખ્યા વધી છે, ટેક્સની આવક વધી નથી. આનંદ શર્માએ વધુમાં કહ્યુ છે કે મેક ઇન ઇન્ડીયાને લઇને મોટા મોટા દાવા કરાયા પરંતુ એ અંતગર્ત ભારતમાં શુ બન્યુ ? મેક ઇન ઇન્ડીયાનો લોગો પણ એક વિદેશી કંપનીના લોગોની કોપી છે.

## જાણવા જેવું !

સિયામના લોકો પોતાના ઘરમાં દરવાજા અને બારીઓ એકી સંખ્યામાં રાખે છે.

ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.

વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.

# લોકસભાની ચુંટણી પહેલાં ગરીબ મતદારોને રીઝવવા માટે કોગ્રેસ પ્રમુખે દરેક ગરીબને લઘુત્તમ આવક આપશેની જાહેરાત કરી

કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ છત્તીસગઢની મુલાકાત દરમિયા ગેરંટી આપી છે કે જો ૨૦૧૯માં કોગ્રેસ સત્તા પર આવશે તો દેશમાં દરેક ગરીબને લઘુત્તમ આવક આપશે. રાહુલે કહ્યુ હતું કે આ ઐતિહાસિક કદમ છે અને તેનાથી ગરીબી અને ભુખમરાને ખતમ કરવામાં મદદ મળશે.મોદી સરકાર દ્વારા લોકસભામાં ચુંટણી અગાઉ સામાન્ય વર્ગના આર્થિક રીતે પછાત લોકોને ૧૦ ટકા અનામત શિક્ષણ અને રોજગારીમાં આપવાની જાહેરાત પછી રાહુલ ગાંધીની લઘુત્તમ આવક આપવાની વાત સુચક છે. આ ઉપરાંત રાહુલે વડાપ્રધાન મોદી પર નિશાન તાકીને કહ્યુ હતું કે પીએમ મોદી અને ભાજપ વાસ્તવમાં બે ભારત બનાવવા માંગે છે.



નયા રાયપુરમાં કિસાન આભાર સંમેલનને સંબોધિત કરતાં કહ્યુ હતું કે જે રીતે કોગ્રેસ પાર્ટીએ મનરેગામાં ૧૦૦ દિવસ રોજગાર ગેરંટી આપી ,માહીતિ અધિકારમાં ગેરંટી સાથે બ્યુરોક્રેસીના દરવાજા ખોલ્યા, ભોજનના અધિકારની ગેરંટી આપી. એ જ રીતે લઘુત્તમ આવકની પણ ખાતરીપુર્વક મળશે.

કેન્દ્રમાં સત્તારુઢ ભાજપ અને વડાપ્રધાન મોદી પર નિશાન તાકતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે પીએમ મોદી અને ભાજપ બે ભારત બનાવવા માંગે છે.એક રફાલ કૌભાંડ, અનિલ અંબાણી, નિરવ મોદી, વિજય માલ્યા, મેહુલ ચોકસી અને અન્ય ઉદ્યોગપતિ મિત્રોનું અને બીજું ભારત ગરીબ ખેડુતોનું. પાક વિમા યોજના અંગે સવાલ ઉઠાવતાં રાહુલે કહ્યુ હતું કે એવું શુ કારણ છે કે ખેડુતો પોતાના પૈસા વીમા કંપનીને આપે છે અને કરાં પડે પછી ખેડુતોને તેમના પૈસા મળતા નથી. પુરેપુરો લાભ અનિલ અંબાણીની કંપનીને મળે છે.

લોનમાફીની યોજનાનો ઉલ્લેખ કરતાં કોગ્રેસ અધ્યક્ષે કહ્યુ હતું કે જ્યારે અમે વિપક્ષમાં હતા ત્યારે પણ અમે ખેડુતોને લોન માફ કરવાની વાત કરતાં હતા અને સરકારને પુછતા તો સરકાર કહેતી હતી કે અમારી પાસે પૈસા નથી. અમે આ કામ ન કરી શકીએ. હિન્દુસ્તાનના ચોકીદાર પાસે છત્તીસગઢના ખેડુતો માટે ૬૦૦૦ કરોડ રુપીયા નથી. પરંતુ અનિલ અબાણી માટે રુ.૩૦૦૦૦ કરોડ રુપીયા છે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# વિપક્ષી રેલી ભારતીય લોકશાહીને બચાવવા યોજાઇ હતી : ભાજપ સાંસદ શત્રુઘ્નસિંહા



ભારતીય જનતા પાર્ટી અને મોદી સરકારના નેતૃત્વ પર ફરી એકવા પ્રહારો કરતાં ભાજપના અસંતુષ્ટ સાંસદ શત્રુઘ્નસિંહાએ કહ્યુ હતું કે કોલકોતામાં મમતા બેનરજીના નેતૃત્વમાં આયોજીત વિપક્ષી એકતાની રેલી ભારતના લોકતંત્રને બરબાદ થતું અટકાવવા માટે હતી.અભિનેતામાંથી નેતા બનેલા શત્રુઘ્નસિંહાએ આ રેલીમા ઉપસ્થિત રહીને ભાજપ માટે મુશ્કેલી સર્જી છે. રેલીમાં મંચ ઉપરથી તેમણે કહ્યુ હતું કે પીએમ મોદી અને ભાજપ અધ્યક્ષ શાહના નેતૃત્વમાં લોકશાહીની જગ્યાએ સરમુખત્યારશાહી છે. લોકશાહી અટલ અડવાણી સમયની વિશેષતા હતી.તેમણે કોલકોતાની રેલી અંગે ટ્વીટ કરતાં કહ્યુ હતું કે પરિવર્તનના સમર્થનમાં આ ગઠબંધનની એકતાને સમર્થન આપવા માટે લાખો લોકો આવ્યા હતા આ એક અદ્દભુત રેલી હતી અને વિશાલ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આરેલીમાં વિપક્ષી નેતાઓ એક મંચ પર આવ્યા હતા. અને નરેન્દ્ર મોદીની સરકારને સત્તા પરથી હટાવવા માટે લડાઇ લડવા માટે ઘોષણા કરી હતી.શત્રુઘ્ન સિંહાએ એક આયોજતિ આ રેલીમાં મોદી-શાહ પર આકરા પ્રહારો કર્યા હતા.જેમાં રફાલ અને નોટબંધી જેવા મુદ્દાઓ અંગે પણ મોદી સરકારની ટીકા કરી હતી.

# લોકસભા ચુંટણી માટે ભાજપ પાસે શિવસેનાએ અડધાથી વધુ બેઠકો માંગી



૨૦૧૯ની આગામી લોકસભાની ચુંટણીમાં મહારાષ્ટ્રમાંથી શિવસેનાએ તેમના સાથી પક્ષ ભાજપ સાથે આકરી સોદાબાજી કરવાના મુડમાં છે.તેણે કહ્યુ છે કે તે મહારાષ્ટ્રમાં તેને અસર થાય તેવી સીટ વહેચણીની કોઇ પણ ભાજપની દરખાસ્તને સ્વીકાર નહીં કરે.રાજ્યમાં શિવસેના મોટાભાઇ છે અને આગળ પણ રહેશે.રાજ્યમાં ભાજપ અને શિવસેના સરખી સીટો પર ચુંટણી લડશે કે કેમ તેવા સવાલના જવાબમાં પાર્ટી નેતા સંજય રાઉતે કહ્યુ હતું કે અમારી પાસે આવી કોઇ દરખાસ્ત નથી. અમે કોઇ દરખાસ્ત સ્વીકારવા આવ્યા નથી.મહારાષ્ટ્રમાં શિવસેના મોટો ભાઇ છે અને આગળ પણ રહેશે.જે લોકો સેના સાથે ગઠબંધન કરવા માંગે છે તેઓ આવી વાત કરી રહ્યા છે. તાજેતરમાં પસારકરાયેલા સામાન્ય કેટગરીના રિઝર્વેશન બિલ મુદ્દે શિવસેનાના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે વડાપ્રધાન મોદીની ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે વાર્ષિક આઠ લાખથી ઓછી આવક ધરાવતા લોકો તે લાભ લેવાને પાત્ર છે.પરંતુ તે પહેલાં આ લોકોને આવકવેરાની ચુકવણીમાંથી છુટ આપવી જોઇએ.શિવસેના વડા ઉધ્ધવ ઠાકરેના અધ્યક્ષપદ હેઠળ તેમના નિવાસસ્થાને યોજાયેલી એક મીટીંગ બાત રાઉતે મીડીયાને સંબોધિત કરી હતી.શિવસેનાં ચુંટણીમાં ભાજપથી સમાધાન નહી કરે એવુ લાગે છ

# અમેરિકામાં કાતિલ ઠંડીનો આતંક, તમામ સરોવરો,તળાવો પર પથ્થરની જેમ બરફ જામી ગયો,૨૬૦૦થી વધુ ફ્લાઇટો કેન્સલ,પોસ્ટલ સર્વીસ બંધ

અમેરિકામાં કાતિલ ઠંડીએ કાળો કહેર મચાવ્યો છે.પોલાર વોર્ટેકસ તરીકે ઓળખાતા ઠંડા પવનો સાથે થઇ રહેલી ભીષણ બરફ વર્ષાને કારણે સમગ્ર અમેરિકા ઠુંઠવાઇ ગયું છે. મિડવેસ્ટ વિસ્તારમાં આવેલા આ વાવાઝોડાને કારણે અત્યાર સુધીમાં ૧૨ લોકો માર્યા ગયા છે.

હવામાન ખાતાના નિષ્ણાતોએ જણાવ્યુ હતું કે વાવાઝોડું હવે પુર્વીય કાઠા તરફ આગળ વધી રહ્યું છે.મિશિગન અને શિકાગોના સરોવરો અને તળાવો એકદમ પથ્થર જેવા બની ગયા છે.અને લોકો તેની પર વોક કરી રહ્યા છે. અહેવાલો પ્રમાણે યુની. ઓફ આયોનાનો વિદ્યાર્થી જિરાલ્ડ તેના શૈક્ષણિક કામ માટે બહાર ગયો હતો ત્યારે વાવાઝોડામાં ફસાઇ જતાં ,રસ્તામાં થીજી ગયો હતો.તેને સ્થાનિક લોકો હોસ્પીટલમાં લઇ ગયા ત્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યુ હેતો.નેશનલ વેધર સર્વિસે કહ્યુ છે કે આયોવા સીટીમાં પારો માઇનસ ૫૧ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો છે.પરિસ્થિતિ એટલી ખરાબ છે કે મીડ વેસ્ટ વિસ્તારમાં રસ્તા પર કોઇ પરિવહન શક્ય નથી. અને ટ્રેનો તેમજ ફ્લાઇટો પણ બંધ કરી દેવામાં આવી છે. ત્યાં સુધી કે અમેરીકી પોસ્ટલ સર્વીસ પણ ઠપ્પ થઇ ગઇ છે. ૨૬૦૦થી વધુ ફ્લાઇટો કેન્સલ થઇ ગઇ છે.અધિકારીઓ એ ચેતવણી આપી છે કે તાપમાન હજુ વધુ ખરાબ થઇ શકે છે.

ઇલીનોઇસ અને નોર્ધન ઇન્ડીયનમાં માઇનસ ૩૦ અને માઇનસ ૪૦ ડીગ્રીની કાતિલ ઠંડી સાથે સુસવાટા મારતા પવનોને કારણે જનજીવન ઠપ્પ થઇ ગયું છે.નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે ડીપ ફ્રીજમાં હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જો કે વિશ્વભરમાં કાતીલ ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે ભારતમાં પણ ઠંડીનો ચમકારો અને બરફ વર્ષા થઇ રહી છે.

# ચુંટણીઓ પહેલા મજબુત વિરોધીઓને તોડી પાડવા માટે એનડીએ સરકારે દરોડાની કાર્યવાહી શરુ કરી

ઉત્તર પ્રદેશમાં માયાવતી અને અખિલેશના સંગઠનને તોડી પાડવા માટે કેન્દ્ર સરકારે કાર્યવાહી કરવાની શરુ કરી છે. અખિલેશ યાદવ પર ગેરકાયદે ખાણકામ અને રિવર ફ્રન્ટ કૌભાંડ મામલે કાર્યવાહી શરુ કરાયા બાદ, હવે ઇડીએ બીએસપીના ચીફ માયાવતીને ઘેરવાનો પ્રયાસ કરી રહયું છે. હાલમાં માયાવતી સરકારના કાર્યકાળમાં કથિત ૧૪ અબજના સ્મારક કૌભાંડમાં ઇડીએ બીએસપીના ચીફના નજીકના લોકો વિરુધ્ધ કાર્યવાહી શરુ કરી છે. ઉત્તર પ્રદેશના પાટનગર લખનો અને એનસીઆરના અનેક વિસ્તારોમાં ઇડી દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

ઇડીએ લખનઉના ગોમતી નગરમાં ઇજનેરો,કોન્ટ્રાકટરો અને સ્મારક કૌભાંડ સાથે જોડાયેલા લોકોના ઘરોમાં દરોડા પાડ્યા હતા. વિજિલન્સે ૧૪૦૦ કરોડના સ્મારક કૌભાંડની તપાસ કરી હતી.માયાવતીના નજીકના સાથી નસીમુદ્દીન સીદીકી અને બાબુસિંહ કુશવાહા દ્વારા માયાવતીને સકંજામાં લેવાનો પ્રયાસ કરાઇ રહ્યો છે.સમાજવાદી પાર્ટી અને બીએસપીના સંગઠને યુપીમાં ભાજપને ચુંટણીમાં હાર દેખાઇ રહી છે તે માટે પ્રયત્નો કરાઇ રહ્યા છે.

# સીબીઆઇના મામલે કેન્દ્ર સરકાર સામે રણચંડી બનેલાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી નમતુ જોખવા તૈયાર નથી.ધરણા સાથે રોડ ઉપરથી જ સરકારી કામકાજ નિપટાવ્યા

શારદા અને રોઝવેલી કૌભાંડના વિવાદમાં સીબીઆઈના દુરપયોગ સામે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી કેન્દ્ર સરકાર સામે લડી લેવાના મુડમાં ધરણા પર બેસી ગયા છે. અને તેમણે કેન્દ્ર સરકાર પર સુપર ઈમરજર્સીનો આરોપ મુક્યો છે.મમતા બેનરજીએ સીબીઆઈ અને કેન્દ્રની ભાજપ સરકાર સામે જંગ છેડ્યો છે.કોલકોતાના મેટ્રો સ્ટેશનની નજીકના સ્થળે તેઓ ધરણા પર બેસી ગયા છે. અને સરકારનું બધું જ કામકાજ ત્યાંથી જ કરી રહ્યા છે.તેમણે કેબિનેટની બેઠક પણ ત્યાં ધરણા સ્થળે યોજી હતી. અનેતેમણે ફાઈલો પર સહીઓ પણ ત્યાં બેઠા બેઠા કરી હતી.તેમણે દાવો કર્યો હતો કે જ્યાં સુધી સમસ્યાનું સમાધાન ન થાય ત્યાં સુધી તેઓ ધરણા સ્થળેથી જ તેમની સરકાર ચલાવશે અને બધો વહીવટ ત્યાંથી જ કરશે.પશ્ચિમ બંગાળનું બજેટ રજુ કરવાના મુદ્દે જ્યારે તેમણે ધરણા સ્થળેથી જ વિધાનસભાના સત્રને સંબોધિત કર્યુ હતું ત્યારે આખી કેબિનેટ ધરણાસ્થળે હાજર રાખી હતી.સીએમઓના તમામ અધિકારીઓ ધરણાસ્થળે મોજુદ હતા.સીબીઆઈના ૪૦ અધિકારીઓ કોલકોતા પોલીસ કમિશ્નરના ઘરે ગયા હતા.જેમાંથી ૫ની પોલીસે ધરપકડ કરી હતી.જો કે મોડેથી તેમને છોડી મુકાયા હતા.

મળેલ માહિતી અનુસાર જો કે જે દિવસે સીબીઆઈના અધિકારી તરીકે જેમનો ચાર્જ પુરો થવાનો હતો તે રાત્રે સીબીઆઈના અધિકારીઓ કોલકોતા પોલીસ કમિશ્નરની ધરપકડ કરવા વિના વોરંટે પહોચી ગયા હતા.બીજે દિવસો સવારે નવા નિમાયેલ સીબીઆઈના ચીફ શુકલા ચાર્જ લેવાના હતા.તો રવિવારની રાત્રીએ સીબીઆઈને શું સુઝ્યું કે એક આઈપીએસ પોલીસ કમિશ્નરની ધરપકડ કરવા પહોચી.અને જેમણે હુકમો આપ્યા તેમનો ચાર્જ રવિવારની રજા હોવાથી પુરો થઈ જતો હતો જેથી કોઈ અગત્યના મુદ્દા પર નિર્ણય લેવાનો હોય તો તે નવા નિમાયેલા અધિકારીએ લેવાનો હતો.ખેર,રાજકારણમાં ખેલાતા જંગમાં હવે કેન્દ્ર અને પશ્ચિમબંગાલ બેઉ માટે પ્રતિષ્ઠાનો જંગ બની ચુક્યો છે. મમતા બેનરજી રણચંડી બની ચુકેલ છે.સામે મોદી અને અમિત શાહ કોઈપણ ભોગે મમતાને નમાવવા માટે દરેક જાતના પ્રયત્નો કરશે તેમાં લેશમાત્ર શંકા નથી.

સીબીઆઈએ પોતાના અધિકારીઓની ધરપકડને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. જેમાં સીબીઆઈએ મમતા સરકાર સામે કામમાં અવરોધો સર્જવાનો આક્ષેપ કર્યો છે.સુપ્રીમ કોર્ટે સીબીઆઈને ઝાટકી નાંખી છે અને કહ્યુ છે કે પહેલા પોલીસ કમિશ્નર વિરુધ્ધ નક્કર પુરાવા લાવો . જ્યાં સુધી પુરાવા રજુ નહીં કરાય ત્યાં સુધી કોઈ પગલાં લેવાશે નહીં. હવે કેસની સુનાવણી વખતે ખબર પડશે.ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ,દિપક ગુપ્તા અને સંજીવ ખન્નાની બેન્ચ સીબીઆઈની અરજી અંગે સુનાવણી કરશે. કોલકોતાના પોલીસ કમિશ્નર રાજીવકુમારે પુરાવાનો નાશ કર્યાના આરોપો કરવામાં આવ્યા છે.જે સંદર્ભમાં સુપ્રીમના ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે કોલકોતાના પોલીસ કમિશ્નરે જો પુરાવાનો નાશ કરવાની કોશીશ કરી હશે તો તેના સાક્ષીઓ અમારી સામે રજુ કરવાથી રાજીવકુમાર સામે એવી કાર્યવાહી કરશે કે જેથી તેમનો ભારોભાર પસ્તાવું પડે.

મમતા બેનરજીએ જણાવ્યુ હતું કે હું જીવ આપવા તૈયાર છું પણ સમજુતી કરીશ નહીં. જ્યારે ટીએમસીના નેતાઓની ધરપકડ કરી હતી ત્યારે હું કશું જ બોલી નહોતી.મે વિરોધ પણ કર્યો નહોતો. આ મુદ્દે હવે તમામ મર્યાદાઓનો ભંગ થઈ ગયો છે. મને ગુસ્સો એકજ વાતનો આવ્યો છે કે કોલકોતાના પોલીસ કમિશ્નરની ધરપકડ કરીને તેમના પદનું અપમાન કરવામાં આવી રહ્યું છે.તેઓ એક ઉચ્ચ સંસ્થાના ઉચ્ચ અધિકારી છે. આ પદનું માન જળવાવું જોઈએ. અમારો સત્યાગ્રહ કોઈ એજન્સી સામે નથી પણ મોદી સરકારના અત્યાચાર સામે છે.બંધારણીય સંસ્થાઓ પર હુમલા કરાઈ રહ્યા છે.આથી અમે બંધારણ બચાવવા ધરણા યોજ્યા છે.

જે શારદા ચીટફંડ માટે કેન્દ્ર સરકારે બાંયો ચઢાવી અને મમતા પર પ્રહારો કર્યા છે. તેમની પાર્ટીમાં બે આરોપીઓ આ ચીટફંડના છે. પરંતુ



તેઓ ભાજપમાં જોડાઈ જતાં હવે તેઓ દુધે ધોયેલા બની ગયા છે.તુણમુલ કોગ્રેસનું કહેવું છે કે સરકાર જો નિષ્પક્ષ હોય તો તેમણે શારદા ચીટ ફંડના મુખ્ય આરોપીઓ મુકુલ રોય અને હેમંત બિસ્વા શર્મા વિરુધ્ધ શા માટે તપાસ કરી નથી.આરોપીની તપાસ બાજુ પર પણ જેમણે તપાસ કરનારની સીબીઆઈ તપાસ કરે અને તેની ધરપકડ કરવા જાય તે કેટલા અંશે ઉચિત છે.

જો કે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ અને કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે બંગાળમાં લોકશાહી અને સંઘીય માળખા સામે ખતરો સર્જાયો છે તેવા નિવેદનો કર્યા છે.સંસદમાં તેમણે જવાબ આપતાં કહ્યુ હતું કે દેશમા પ્રથમ વાર સીબીઆઈના અધિકારીઓને પકડવામાં આવ્યા છે. અને બેહુદી કાર્યવાહી કરવામાં આવી છે.

લોકસભામાં કોગ્રેસના નેતા ખડગેએ જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકાર સીબીઆઈનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહી છે.વિરોધપક્ષના નેતાઓને ખતમ કરવાનો આ પ્લાન છે.અન્યાય સામે ઉઠતા અવાજને દબાવવા પ્રયાસ થાય છે. ઘણા વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર બંધારણીય સંસ્થાઓનો દુરપયોગ કરી રહી છે તેવું જણાવ્યુ હતું.



**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.